**અમદાવાદ (ગ્રામ્ય)ના મહે. ત્રીજા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક..સાહેબશ્રીની કોર્ટમાં, મુ. અમદાવાદ(ગ્રામ્ય )મીરઝાપુર.**

<u>ક્રિ.કે.નં. ૫૬૪૫/૨૩</u>

આંક:--

**ફરિયાદી:- શ્રી સરકાર**

વિ.

**આરોપી: દિનેશ વનાભાઈ પટેલ**

**ગુનો:- ધી એમ.વી.એકટ ૧૮૫ તથા પ્રોહી એકટ ૬૬(૧)(બી) મુજબ.**

**<u>ચુ કા દો</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી વિરુઘ્ધ ઉપરોકત શિક્ષાને પાત્ર શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે.આરોપીને ગુના કબુલાત અંગે પુછતા તેઓએ ગુનાની કબુલાત કરેલ છે, જેથી તેઓની ગુનાની કબુલાત લીધી.આ કામમાં આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ છે. તેઓ ગરીબ તેમજ બાળ બચ્ચાવાળા વ્યકિત છે. તેઓનો આ પ્રથમ ગુનો છે. તથા તેમના કુટુંબના ભરણ-પોષણની જવાબદારી તેમના ઉપર છે. જેથી તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આમ આ કામના આરોપીની મૌખિક રજુઆત ઘ્યાને લેતાં તેઓને ગુનો કર્યાનો અહેસાસ થતાં કબૂલ કરેલ છે. વધુમાં આરોપીની રજુઆત ઘ્યાને લેતાં તેઓ બાળ બચ્ચા વાળા અને કુટુંબની જવાબદારી વાળા વ્યકિત છે. જેથી તેઓને જો કાયદાની જોગવાઈ મુજબ ન્યુનતમ કે મહતમ સજા અને દંડ કરવામાં આવે તો ચાર માસની સજા કરવી પડે. જેથી તેના પરિવારને આર્થિક અને સામાજિક રીતે નુકશાન જાય તેમ હોઈ સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવાનો સમાજના હિતમાં વાજબી અને ઉચિત જણાય છે.જેથી આરોપીની રજુઆત ઘ્યાનમાં રાખી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

(૧) આરોપી/ઓનાઓને ક્રિ.પ્રો.કો.કલમ: ૨૫૨ અન્વયે **એમ.વી.એકટની કલમ ૧૮૫** ના ગુનામાં તકસીરવાન ઠરાવી રુપીયા ૨૦૦૦ (બે હજાર ) તથા પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ ગુનામાં તકસીરવાન ઠરાવી રુપીયા ૧૦૦ ( એક સો) એમ કુલ દંડની રકમ **રુપીયા ૨,૧૦૦/–(બે હજાર એક સો પુરા)** કરવામાં આવે છે તથા આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન. ૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર હુકમની યાદી લગત સ્ટેશને કરવી.

૩) મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે તથા જો વચગાળાનો હુકમ ન હોય તો માલકીકી પણાની ખાતરી કરી અસલ માલીકને મુદ્દામાલ પરત કરવો તથા રોકડ નાંણા સરકાર ખાતે ખાલસા કરવા તથા અન્ય મુદ્દામાલ અપીલ સમય વિત્યે નાશ કરવો.

આજ તા. ૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૯–૯ –૨૦૨૩**

**(શ્રીકાંત શર્મા)**
**ત્રીજા એડી જ્યુડી.મેજી.ફ.ક.**
**અમદાવાદ(ગ્રા) મીરઝાપુર.**
**જજ કોડ જીજે ૦૧૩૬૭**